# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ન્યૂઝીલેન્ડની તેમની ઐતિહાસિક બે દિવસીય મુલાકાત પૂર્ણ કરીને સ્વદેશ આવવા માટે રવાના થયા.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં ચાર સો પાંચ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

3) વિયેતનામના પ્રધાનમંત્રી લે મિન્હ હુને કુ ક્વોક ટાપુ પાસે સ્પીડબોટ દુર્ઘટનાની તપાસનો આદેશ આપ્યો – દુર્ઘટનામાં 15 ભારતીયોના મોત.

4) ઇરાને હોર્મુઝ સામુદ્રધુની આગામી સૂચના સુધી બંધ કર્યું.

5) ફિફા વિશ્વકપમાં નોર્વેને 2-1થી હરાવી ઇંગ્લેન્ડનો સેમિફાઇનલમાં પ્રવેશ.

6) વિમ્બલ્ડન ટેનિસમાં લિન્ડા નોસ્કોવાએ મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ન્યૂઝીલેન્ડની તેમની ઐતિહાસિક બે દિવસીય મુલાકાત પૂર્ણ કરીને સ્વદેશ આવવા માટે રવાના થયા છે. ચાર દાયકાથી વધુ સમયમાં ભારતીય પ્રધાનમંત્રી દ્વારા ન્યૂઝીલેન્ડની આ પ્રથમ મુલાકાતે દ્વિપક્ષીય સંબંધોને મોટો વેગ આપ્યો. મુલાકાત દરમિયાન , શ્રી મોદીએ ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી હતી. બંને દેશો વચ્ચે સંરક્ષણ, પર્યટન, રમતગમત, આપત્તિ વ્યવસ્થાપન, ડેરી અને પશુપાલન સહિતના ક્ષેત્રોમાં પાંચ સમજૂતી કરારો પર હસ્તાક્ષર થયા હતા.

ઓકલેન્ડના સ્પાર્ક એરેના ખાતે યોજાયેલ સમુદાય કાર્યક્રમમાં ભારતીય સમુદાયના દસ હજારથી વધુ સભ્યોએ હાજરી આપી હતી. સભાને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત અને ન્યુઝીલેન્ડનું ભવિષ્ય એકબીજા સાથે જોડાયેલું છે અને દ્વિપક્ષીય વેપાર કરાર ભારતની વિકસિત રાષ્ટ્ર તરફની યાત્રાને વેગ આપશે.

# AMIT SHAH - PLANTATION DRIVE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતમાં અમદાવાદ મહાનગરપાલિકાના ચાર સો પાંચ કરોડ રૂપિયાના વિવિધ જાહેર વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ કાર્યક્રમ દરમિયાન ગૃહમંત્રી તેમના લોકસભા મતવિસ્તાર ગાંધીનગરમાં એક મહત્વાકાંક્ષી સામૂહિક વૃક્ષારોપણ અભિયાન પણ શરૂ કરશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ સાંભળીએ...

VC – અપર્ણા ખૂંટ

# VIETNAM BOAT TRAGEDY

વિયેતનામના પ્રધાનમંત્રી લે મિન્હ હુને ફુ ક્વોક ટાપુ પાસે સ્પીડબોટ દુર્ઘટનાની તપાસનો આદેશ આપ્યો છે , આ દુર્ઘટનામાં 15 ભારતીય પ્રવાસીઓના મોત થયા હતા.

મુંબઈમાં વિયેતનામના મહાવાણિજ્ય દૂતાવાસના જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રીએ અધિકારીઓને દુર્ઘટનાનું કારણ જાણવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. તેમણે નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ જવાબદાર લોકો સામે કડક કાયદેસર કાર્યવાહી કરવા તેમજ ઇજાગ્રસ્તોને સારવાર આપવા અને મૃતકોના પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડવાનો પણ નિર્દેશ આપ્યો છે.

ગઈકાલે આ દુર્ઘટના ત્યારે બની જ્યારે 36 લોકોને લઈ જતી એક સ્પીડબોટ અચાનક ઊંચા મોજાની ઝપેટમાં આવી ગઈ અને ફુ ક્વોક ટાપુ પાસે પલટી ગઈ.

અમારા સંવાદદાતાનો અહેવાલ...

VC – વિશાલ

# JAISHANKAR VIETNAM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિયેતનામના કુ ક્વોક ટાપુ નજીક બોટ દુર્ઘટનામાં 15 ભારતીય નાગરિકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે તેઓ આ દુ:ખદ બોટ દુર્ઘટનાથી ખૂબ જ દુઃખી છે. વિદેશ મંત્રીએ મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઇજાગ્રસ્તોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી.

# FSSAI - SWIGGY

ખાદ્ય સુરક્ષા અને માનાંક સત્તામંડળ FSSAI એ ખાદ્ય સુરક્ષા અને માનાંક કાયદા 2026 અંતર્ગત નિયમોના ઉલ્લંઘનનો આરોપ લગાવતી અસંખ્ય ગ્રાહકોની ફરિયાદો બાદ સ્વિગી ઈન્સ્ટામાર્ટને નવ નોટિસ ફટકારી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, FSSAI એ જણાવ્યું હતું કે, સ્વિગીને વિગતવાર સમજૂતી અને પાલન અહેવાલ સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે , અહેવાલ રજૂ નહિ કરતાં કડક કાયદેસર કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

ગ્રાહકોની ફરિયાદોમાં સ્વિગી ઈન્સ્ટામાર્ટ પર સમયસીમા સમાપ્ત , બગડેલું, સડેલું, દૂષિત અને અન્ય રીતે અસુરક્ષિત ખાદ્ય ઉત્પાદનો ગ્રાહકોને આપવાનો આરોપ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV. IRAN – HORMUZ

હોર્મુઝ સામુદ્રધુનીમાં સાયપ્રસના ધ્વજવાળા જહાજ પર ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના હુમલા બાદ અમેરિકાએ ઇરાન પર નવા હુમલા શરૂ કર્યા છે. અમેરિકી સૈન્યએ જણાવ્યું કે , આ હુમલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્દેશ પર કરવામાં આવ્યા હતા. વેપારી જહાજ પર થયેલા હુમલામાં એક નાગરિક ક્રૂ સભ્ય ગુમ છે અને જહાજને આગથી ઘણું નુકસાન થયું છે.

દરમિયાન ઇરાને હોર્મુઝ સામુદ્રધુનીને આગામી સૂચના સુધી બંધ કર્યું છે. ઇરાની નૌકાદળે જણાવ્યું હતું કે , એક જહાજ દ્વારા અનધિકૃત માર્ગનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યા બાદ તેને બંધ કરવામાં આવ્યો હતો. નૌકાદળે જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ વિસ્તારમાં અમેરિકાની દખલગીરી બંધ ન થાય ત્યાં સુધી કોઈપણ જહાજોને આ માર્ગ પરથી પસાર થવા દેવામાં આવશે નહીં. નૌકાદળે જણાવ્યું હતું કે , હોર્મુઝ સામુદ્રધુનીમાં આ ઘટના અંગે અમેરિકાની કોઈપણ કાર્યવાહીનો કડક જવાબ આપવામાં આવશે.

અમેરિકા ઇરાન પાસેથી જાહેર ખાતરી માંગે છે કે તે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પર હુમલો કરશે નહીં. દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તણાવ છતાં ઈરાન સાથે વાતચીત ચાલુ રહેશે.

ઈરાને જણાવ્યું છે કે હોર્મુઝ સામુદ્રધુની તેના નિયંત્રણ હેઠળ રહેશે અને તેમાંથી પસાર થતા જહાજોએ ફી ચૂકવવી પડશે.

# FIFA WORLD CUP

ફિફા વિશ્વકપમાં આજે વહેલી સવારે ફ્લોરિડાના મિયામી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં નોર્વેને 2-1થી હરાવીને ઇંગ્લેન્ડે સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. ઇંગ્લેન્ડના જુડ બેલિંગહામે વધારાના સમયમાં બે ગોલ કરી વિજય અપાવ્યો. ઇંગ્લેન્ડ ત્રીજીવાર વિશ્વકપની સેમિફાઇનલમાં પહોંચ્યું છે.

આ પહેલા સ્પેન અને ફ્રાન્સ પહેલાથી જ સેમિફાઇનલમાં પ્રવેશ કરી ચૂક્યા છે.

# REV. TENNIS-WIMBLEDON

વિમ્બલ્ડન ટેનિસ ટુર્નામેન્ટમાં 21 વર્ષીય લિન્ડા નોસ્કોવાએ ગઈકાલે રાત્રે લંડનમાં ચેક રિપબ્લિકની કેરોલિના મુકોવાને 6-2 , 5-7, 6-3 થી હરાવીને મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો.

દરમિયાન આજે વિશ્વના એક નંબર યાનિક સિનર પુરુષ સિંગલ્સની ફાઇનલમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થશે.

# IMD – WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી દેશના ઉત્તર અને પૂર્વ ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. જમ્મુ અને કાશ્મીર , લદ્દાખ, હિમાચલ પ્રદેશ , ઉત્તરાખંડ, પંજાબ, ચંદીગઢ, હરિયાણા, દિલ્હી, પૂર્વી ઉત્તરપ્રદેશ , છત્તીસગઢ, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ , અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઓડિશામાં ભારે વરસાદની આગાહી છે.

વિભાગે આજે આસામ , મેઘાલય, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ , સિક્કિમ અને બિહારમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આગામી બે થી ત્રણ દિવસમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ , પૂર્વી અને પશ્ચિમ મધ્યપ્રદેશ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં વીજળી અને જોરદાર પવન ફૂંકાશે તેવી શક્યતા છે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે  નિકિતા શાહ

- આજના અખબારોમાં વિયેતનામમાં સ્પીડબોટ પલટી સહિત વિવિધ સમાચારોને મુખ્ય માથાળામાં સ્થાન અપાયું છે.
- સંદેશની હેડલાઇન છે..  વિયેતનામમાં પ્રવાસીઓને લઈ જતી બોટ પલટી જતાં 15 ભારતીયોના મોત..
- નવ ગુજરાત સમયની હેડ લાઇન છે ખૂન કા  બદલા ખૂન – મોજતબા નું પ્રણ .. હત્યા થઈ તો ઈરાનનો નાશ-ટ્રમ્પ.
- ગુજરાત સમાચાર લખે છે.. ઇથેનોલમાં પીછેહઠ થાય તો રૂ.  એક લાખ  કરોડનું રોકાણ જોખમમાં – સરકાર.
- દિવ્ય ભાસ્કરે..  સિંહ ગિરનારની સીડીએથી 12 વર્ષના બાળકને ખેચી ગયો..  ના સમાચારને મુખ્ય પાના પર  લીધા છે.